દાખલ તારીખઃ- ૦૭/૦૩/૨૦૨૬
રજી.તારીખઃ- ૦૭/૦૩/૨૦૨૬
ફેસલ તારીખઃ- ૧૨/૦૩/૨૦૨૬
સમય ગાળોઃ- વર્ષ-માસ-દીવસ

**રાજકોટ જીલ્લાના મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

ફોજ. પર. અરજી નં. ૯૨/૨૦૨૬
આંકઃ-

(૧) કેવલ જેન્તીભાઈ સીતાપરા
ઉ.આ.વ. ૨૮, ધંધોઃ ડ્રાઈવીંગ,
રહે. ચાંપરાજપુર, રમેશ મીલની પાછળ,
જેતપુર, જિ. રાજકોટ....................................અરજદાર.
(હાલઃ સબજેલ, જેતપુર)

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થ્રૃ એ.જી.પી.શ્રી, જેતપુર..............................સામાવાળા.

બાબતઃ- બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી

અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.

**ઠ રા વ**

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રજૂ કરી જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૨૨૫૦૭૭૫/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ-૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪, ૩૧૭(૨) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી તેમજ બંન્ને પક્ષકારોના વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી તથા ત. ક. અમલદારશ્રીએ રજૂ રાખેલ સોગંદનામું ધ્યાને લીધું.

(૩) અરજદારનાં વિ. વ. શ્રીએ જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે. અરજદારે ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી અને ફરિયાદ જોતાં પણ

લેશમાત્ર પુરાવો નથી કે અરજદારને સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નથી. અરજદારે કોઈ સાથે સાયબર ફ્રોડ કરેલ નથી અને અરજદારને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, અરજદારનાં શિરે કુટુંબની તમામ જવાબદારી છે, આરોપીનાં રિમાન્ડ પણ પુરા થઈ ગયેલ છે. આખો કેસ દસ્તાવેજી અને યાંત્રિક પુરાવાઓ ઉપર આધારિત છે તેમજ વિ. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. વધુમાં અરજદાર જેતપુરનાં રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ આરોપી નામદાર અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર છે તેમજ હાલ અરજદાર વિરૂદ્ધની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ફોજ. કેસ. નં. ૩૩૨/૨૦૨૬ થી ચાર્જશીટ પણ દાખલ થઈ ગયેલ છે, ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોઈ વિગેરે હકીકતો જણાવી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ અદાલત દ્વારા સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા, શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડયા હાજર થયેલ છે, તેઓએ જણાવેલ છે કે અરજદારો વિરૂદ્ધનાં ગુનાના કામે બી.એન.એસ. કલમ–૩૧૬(૫) લગાડેલ છે એટલે ૧૦ વર્ષની સજાને પાત્ર ગુનો છે અને હાલનાં કામે જુદા જુદા રાજ્યોમાંથી સાયબર ફ્રોડ દ્વારાં મેળવાયેલી મોટી રકમો આ રીતે એજન્ટો મારફતે એજન્ટોને તેમજ ખાતા ધારકોને કમિશનો આપી તેઓનાં ખાતામાંથી સદરહુ રકમો ટ્રાન્સફર કરવામાં આવે છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે આવા નેટવર્ક સક્રિય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે જેથી જામીન પર મુકત નહીં કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજદારોની જામીન અરજી, દલીલો, પોલીસ પેપર્સ તેમજ અરજદારો તરફે કરવામાં આવેલ રજૂઆત તેમજ તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લેવામાં આવેલ છે.

વધુમાં અરજદાર સામેની ફરિયાદની હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલનાં કામે ફરિયાદીને મળેલ માહિતીના આધારે બેન્ક ખાતેદારોનાં ખાતામાં સાયબર ફ્રોડથી મેળવેલ રકમ જમા કરાવી તેવી રકમો ખાતેદારોનાં ખાતામાંથી ઉપાડી હેરફેર કરવામાં આવે છે તેવી માહિતીનાં આધારે પોલીસ

દ્વારાં તપાસ કરવામાં આવતાં તેમજ નિવેદનો લેવામાં આવતાં હાલનાં કામે દિપસન જેન્તીભાઈ ગોહેલ, વરૂણ કાનાભાઈ લુણી, ઉમેશ રવજીભાઈ ભોજૈયા, પ્રકાશ મગનભાઈ રાઠોડ, શાહિલ કાનજીભાઈ જાડેજા, પ્રદિપ ભરતભાઈ બાચલ, પાર્થિવ કિશોરભાઈ ગોવાણીનાં ખાતાઓ કમિશનની લાલચ આપી કેવલ જેન્તીભાઈ સીતાપરા તથા હર્ષદ હેમરાજભાઈ દેસાઈનાઓ દ્વારાં મેળવી અને સદરહુ ખાતાઓમાં સાયબર ફ્રોડના નાણાં જમા થયા બાદ તેને ઉપાડી લેતાં અને સદરહુ નાણાં તેઓ ચેક, એ.ટી.એમ., ઓનલાઈન ટ્રાન્સફરથી વિથડ્રો કર્યા બાદ દુબઈ ખાતે રાહુલ પટેલ નામની વ્યક્તિને મોકલી આપતાં હતાં અને તે રીતે આશરે ૯૪,૮૯,૦૭૭/- જેટલી માતબર રકમ મોકલી અને કમિશન મેળવેલ હોવાની ફરિયાદ આપવામાં આવેલ છે.

વધુમાં આરોપી સામે બી.એન.એસ. કલમ-૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪, ૩૧૭(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે. વધુમાં હાલનાં કામે રજૂ થયેલ સોગંદનામું તથા એફ.આઈ.આર. ધ્યાને લેતાં હાલનાં આરોપી કેવલ જેન્તીભાઈ સીતાપરા દ્વારાં જ અગાઉ અત્રેની અદાલત દ્વારાં જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ સાત આરોપીઓનાં એકાઉન્ટ મેળવવામાં આવેલ છે અને તેમાંથી પૈસા ઉપાડી અને હાલનાં આરોપી દ્વારાં અન્ય આરોપી હર્ષદભાઈ હેમરાજભાઈ દેસાઈને મોકલવામાં આવેલ છે અને સદરહુ આરોપી દ્વારાં સદરહુ નાણાં અન્ય નહીં પકડાયેલ આરોપી રાહુલ પટેલને મોકલવામાં આવેલ છે તેવું જણાઈ આવે છે તે હકીકત ધ્યાને લેતાં હાલનાં આરોપી કેવલ જેન્તીભાઈ સીતાપરા તથા અન્ય આરોપી હર્ષદભાઈ હેમરાજભાઈ દેસાઈ દ્વારાં તેઓ સદરહુ રકમ સાયબર ફ્રોડની હોવાનું જાણતા હોવા છતાં અન્ય આરોપીઓનાં એકાઉન્ટ મેળવી અને સદરહુ રકમ તેમાં જમા કરાવી સદરહુ રકમ તેમનાં દ્વારાં મેળવી અન્યત્ર મોકલવામાં આવેલ છે તેમજ હાલનાં આરોપી વિરૂદ્ધ ભક્તિનગર પો. સ્ટે. માં પણ રાજકોટ શહેર પો. સ્ટે. ગુ. ર. નં. ૦૬૦૨/૨૦૨૫ તથા વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૪૭૭/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ છે અને સદરહુ ફરિયાદમાં પણ આરોપીનો હાલનાં રોલ જેવો જ રોલ છે. એટલે કે, અરજદાર/આરોપી વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળા હોવાનું રેકર્ડ જોતાં જણાઈ આવે છે. વધુમાં અરજદારનાં

વિ. વ. શ્રીની રજૂઆત છે કે, અરજદાર સામેની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો ફોજ. કેસ. નં. ૩૩૨/૨૦૨૬ નો નામદાર કોર્ટમાં પડેલ છે અને હવે કોઈ તપાસ કરવાની બાકી રહેતી નથી, પરંતુ ઉપરોક્ત હકીકતે નામદાર સુપ્રિમકોર્ટે **વિરૂપક્ષપ્પા ગૌડા અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક અને બીજાઓનાં** ચૂકાદામાં કરેલ અવલોકન ધ્યાને લેતાં માત્ર તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ થઈ ગયેલ છે તેટલા માત્ર કારણથી કેસના સંજોગો બદલાયેલ છે તેવું અનુમાન કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે તે હકીકત પણ ધ્યાને લેતાં હાલનાં કામે વિ. વ. શ્રી માત્ર કેસની તપાસ પૂર્ણ થયા સિવાય કેસના સંજોગોમાં કોઈ ફેરફાર થયેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે હકીકત પણ ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ ગુનાના કામે ભજવેલ ભૂમિકા ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને જામીનમુકત કરવા યોગ્ય જણાઈ આવતું નથી તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**(૧)** આ કામનાં અરજદાર/આરોપી **કેવલ જેન્તીભાઈ સીતાપરાની** બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી **ના–મંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૧૨, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(Code No.GJ00727)